ખોટનું કારણ આગળ ધરી રેલવે વિભાગે પેસેન્જર ટ્રેન સેવા બંધ કરી દેતાં રોષ ફેલાયો

અંકલેશ્વર- રાજપીપળા વચ્ચે બ્રોડગેજ લાઈનનો 800 કરોડનો ખર્ચ છતાં 3 વર્ષથી ટ્રેન સેવા બંધ

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

અંકલેશ્વર - રાજપીપળા વચ્ચેની બ્રોડગેજ પેસેન્જર ટ્રેન સેવા કોરોના બાદ બંધ રહેતા ભરૂચ અને નર્મદા જિલ્લાના લોકોમાં અસંતોષ વધી રહ્યો છે. કરોડો રૂપિયાના ખર્ચે નેરોગેજમાંથી બ્રોડગેજમાં રૂપાંતર કરાયેલી આ લાઈન પર હાલ સામાન્ય મુસાફરો માટે ટ્રેન નથી ચાલતી. તેના બદલે ઝઘડિયા જીઆઈડીસીના ઉદ્યોગોની જરૂરિયાત માટે અંકલેશ્વરથી ગુમાનદેવ સુધી ગુડ્સ

ત્રણ વર્ષથી અંકલેશ્વર-રાજપીપળા વચ્ચે મુસાફરો માટે ટ્રેન સેવા બંધ.

ટ્રેનો દોડાવવામાં આવી રહી છે.

અંકલેશ્વર-રાજપીપળા રેલ્વે લાઈન પર અગાઉ નેરોગેજ ટ્રેન ચાલતી હતી. ખોટના કારણે તે સેવા 2003માં બંધ થઈ હતી. ત્યારબાદ લાઈનને બ્રોડગેજમાં ફેરવવાની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. અંદાજે 800 કરોડના ખર્ચે બ્રોડગેજ કામ પૂર્ણ થયા બાદ 3 ફેબ્રુઆરી 2014ના રોજ 10 ડબ્બાવાળી ટ્રેન ફરી શરૂ કરવામાં આવી હતી. જોકે, સમય જતાં મુસાફરી માટે માત્ર મર્યાદિત સમયની સેવા રહી.

બ્રોડગેજ રૂપાંતરનો મુખ્ય હેતુ ભરૂચ અને નર્મદા જિલ્લાના મુસાફરોને સસ્તી અને સરળ રેલ સુવિધા આપવાનો હતો. હવે સેવા બંધ રહેતા આ હેતુ અધૂરો રહ્યો છે. અગાઉ બસ ભાડું 60 રૂપિયા હતું, ત્યારે ટ્રેનનું ભાડું આશરે 20 રૂપિયા હોવાથી ગરીબ અને મધ્યમ વર્ગ માટે ટ્રેન મહત્વની સુવિધા ગણાતી હતી.

ઝઘડિયા પંથકમાં કંપનીની બહારથી બાઈકની ઉઠાંતરી

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ઝઘડિયા જીઆઈડીસીમાં વાહનચોરીની વધુ એક ઘટના સામે આવી છે. નાઈટ્રેક્ષ કંપનીના ગેટ બહાર ખુલ્લી જગ્યામાં પાર્ક કરેલી કામદારની મોટરસાયકલ ચોરી થઈ હોવાનું પોલીસમાં નોંધાયું છે. વાલિયાના ડણસોલી ગામનો રૂષિક વસાવા નાઈટ્રેક્ષ કંપનીમાં હેલ્પર તરીકે કામ કરે છે. તે 11મીના રોજ ફરજ પર આવ્યો હતો. રાતે આશરે 9:30 વાગ્યે તેણે મોટરસાયકલ કંપનીના ગેટ બહાર પાર્ક કરી હતી. સવારે 6 વાગ્યે ફરજ પૂરી કરી બહાર આવ્યો ત્યારે બાઈક ગાયબ હતી.

ભરૂચના બુધ્ધદેવ માર્કેટ વિસ્તારમાં ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાયો

તસ્કરે મોબાઈલમાં પોતાનું સિમ નાખ્યું ને સીઈઆઈઆર પોર્ટલે ભાંડો ફોડ્યો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેરના પાંચબત્તી બુદ્ધદેવ માર્કેટ વિસ્તારમાં થયેલી ઘરફોડ ચોરીનો ભેદ ભરૂચ એ ડિવિઝન પોલીસે અત્યાધુનિક ટેક્નોલોજીની મદદથી ગણતરીના કલાકોમાં જ ઉકેલી કાઢ્યો છે. પોલીસે સીઈઆઈઆર પોર્ટલના માધ્યમથી ચોરાયેલા બે સ્માર્ટફોન સાથે આરોપીની ધરપકડ કરી છે.

વિગતો અનુસાર ગત 20મી ઓગસ્ટના રોજ બપોરના સમયે બુદ્ધદેવ માર્કેટ નજીકના એક મકાનમાંથી કોઈ અજાણ્યો શખ્સ વીવો કંપનીના બે એન્ડ્રોઈડ મોબાઈલ ચોરીને ફરાર થઈ ગયો હતો. ઘટના અંગે એ ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાતાં પીઆઈ આર.એમ. વસાવાએ સર્વેલન્સ ટીમને તપાસના આદેશ આપ્યા હતા.

પોલીસે સ્માર્ટ વર્ક કરીને ચોરાયેલા બંને મોબાઈલના આઈએમઈઆઈ નંબર સીઈઆઈઆર પોર્ટલ પર અપલોડ કર્યા હતા. ટ્રેકિંગ શરૂ કર્યું હતું. આ દરમિયાન આરોપીએ ચોરીના એક ફોનમાં પોતાના નામનું સિમકાર્ડ નાખ્યું હતું.

પોર્ટલ પર એલર્ટ જનરેટ થયું હતું. પોલીસને તેનું લોકેશન તથા નામ-સરનામું મળી ગયું હતું. આ સચોટ માહિતીના આધારે પોલીસે ત્વરિત એક્શન લઈ અજય કિશોર દેવીપૂજક નામના આરોપીને ઝડપી લીધો હતો. પોલીસે તેની પાસેથી કુલ રૂ. 15,000ના બંને ફોન કબજે કર્યા છે. કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

નર્મદા નદી અને કેનાલમાં પાણીની સતત જાવક

સરદાર સરોવર ડેમની જળ સપાટી 134.26 મીટરે પહોંચી

ભાસ્કર ન્યૂઝ | રાજપીપળા

નર્મદા જિલ્લાના કેવડિયા સ્થિત સરદાર સરોવર નર્મદા ડેમમાંથી પાણીની સ્થિતિ અંગેના મહત્વના આંકડા સામે આવ્યા છે. ડેમની જળસપાટી 134.26 મીટર પર પહોંચી ગઈ છે. ઉપરવાસમાંથી થઈ રહેલી પાણીની આવકને પગલે ડેમમાં હાલ પાણીનો જીવંત જથ્થો સતત વધી રહ્યો છે અને ડેમ તેની ભયજનક સપાટીની નજીક સરકી રહ્યો છે.બપોરે 11:00 અને 12:00 વાગ્યાની આસપાસ ઉપરવાસમાંથી 70 હજાર ક્યુસેકથી વધુ પાણીની ભારે આવક થઈ રહી હતી, જેના કારણે ડેમની સપાટી ઝડપથી વધીને 134.30 મીટર સુધી પહોંચી ગઈ હતી.

જોકે, પછી ઉપરવાસમાંથી પાણીની આવક ઓછી થઈને માત્ર 270 ક્યુસેક પર આવી ગઈ છે, જેનાથી જળસપાટીમાં આંશિક ઘટાડો નોંધાયો છે અને તંત્રએ પણ રાહત અનુભવી છે.ડેમમાં પાણીની સપાટી નિયંત્રિત રાખવા માટે હાલમાં નર્મદા નદીના પટમાં 2,277 ક્યુસેક અને ગુજરાતની જીવાદોરી સમાન મુખ્ય નર્મદા કેનાલમાં 10 હજાર ક્યુસેક પાણી સતત છોડવામાં આવી રહ્યું છે.

ભાવનગર લઠ્ઠાકાંડના વિરોધમાં જંબુસરમાં આવેદનપત્ર આપવામાં આવ્યું

દારૂના ગેરકાયદે નેટવર્કના કારણે અનેક નિર્દોષોના જીવ જોખમમાં મૂકાયાં : કોંગ્રેસ

ભાસ્કર ન્યૂઝ | જંબુસર

ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં વારંવાર સામે આવતી ઝેરી તથા નકલી દારૂની ઘટનાઓને પગલે જંબુસર તાલુકા કોંગ્રેસ સમિતિ અને જંબુસર શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા ગેરકાયદેસર દારૂના વેચાણ અને હેરાફેરી સામે કડક કાર્યવાહી કરવાની માંગ સાથે જંબુસર ડીવાયએસપીને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે.

રાજ્યમાં દારૂબંધીનો કાયદો અમલમાં હોવા છતાં ગેરકાયદેસર દારૂના નેટવર્કના કારણે નિર્દોષ લોકોના જીવ જોખમમાં મુકાઈ રહ્યા છે. તાજેતરમાં ભાવનગર જિલ્લાના ખારકડી

વિસ્તારમાં બનેલી ઝેરી દારૂની ઘટનાનો ઉલ્લેખ કરી કોંગ્રેસે આવા બનાવોને રોકવા પોલીસ તંત્ર દ્વારા અસરકારક અને નિષ્પક્ષ અમલવારી જરૂરી હોવાનું જણાવ્યું છે.

જંબુસર તાલુકાના તમામ ગામોમાં ગેરકાયદેસર દારૂના વેચાણ અને હેરાફેરી સામે વિશેષ પોલીસ ડ્રાઈવ શરૂ કરવાની માંગ કરવામાં આવી છે. સાથે જ બુટલેગરો ઉપરાંત દારૂના મુખ્ય સપ્લાયર, સપ્લાય ચેઈન સાથે સંકળાયેલા લોકો તથા હેરાફેરીમાં ઉપયોગમાં લેવાતા વાહનો સામે પણ કડક કાયદેસરની કાર્યવાહી કરવા રજૂઆત કરાઈ છે.

સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસ પેટ્રોલિંગ અને ગુપ્ત તપાસ વધારવા, વારંવાર ગુનો કરતા બુટલેગરો સામે પ્રતિબંધાત્મક કાર્યવાહી કરવા તથા ઝેરી દારૂ અને મિથેનોલ જેવી ઝેરી સામગ્રીના ગેરકાયદેસર ઉપયોગ પર ખાસ નજર રાખવા માંગ કરવામાં આવી છે. ગેરકાયદેસર દારૂ અંગે ફરિયાદ કરનાર લોકોને સુરક્ષા મળે અને કોઈ વિસ્તારમાં ફરિયાદ મળે તો તેની ગંભીરતાથી તપાસ કરવામાં આવે તેવી પણ રજૂઆત કરાઈ છે.

રાજપીપળા પો. સ્ટે.માં એક આરોપી સામે ફરિયાદ

લાછરસ ગામે પત્નીની સાથે આડા સંબંધની શંકાએ દંપતી પર હુમલો

ભાસ્કર ન્યૂઝ | રાજપીપળા

નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના લાછરસ ગામમાં આડા સંબંધનો વ્હેમ રાખી માર મારનાર શખ્સ વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ છે. લાછરસ ગામે ફરિયાદી તથા કૈલાશબેન પોતાના ઘરે હાજર હતા. તે વખતે ગામના રાજેશ તડવી આવ્યા. તેમણે ફરિયાદીને કહ્યું કે કેમ મારી પત્ની સાથે આડા સંબંધ રાખે છે. ફરિયાદીએ આરોપીને કહ્યું કે મારે તારી પત્ની સાથે કોઈ આડા સંબંધ નથી. આ વાત સાંભળતા રાજેશ એકદમ ઉશ્કેરાઈ ગયો. તેણે ફરિયાદીને માં-બેન સમાણી ગાળો બોલી. તેના હાથમાં રહેલી લોખંડના હાથાવાળી વાસી મુકેશના ડાબા ગાલ પર મારી દેતા તે ઘાયલ થયો. કૈલાશબેન બચાવવા જતા વચ્ચે પડ્યા. ત્યારે રાજેશે તેના હાથમાં રહેલી લોખંડના હાથાવાળી વાસી તેણીને ડાબા હાથની કોણીથી નીચેના ભાગે મારી દેતા રાજપીપળા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ભાજપ સરકારની નીતિનો સૂત્રોચ્ચાર સાથે વિરોધ વ્યક્ત કર્યો

ડભોઈ કોંગ્રેસ દ્વારા ગૃહમંત્રીના રાજીનામાની માગ સાથે ધરણા

ભાસ્કર ન્યૂઝ | ડભોઇ

ડભોઈ મહાત્મા ગાંધીના ગુજરાતમાં કાગળ પર દારૂબંધી હોવા છતાં રાજ્યભરમાં ગેરકાયદેસર દારૂનો વેપલો બેરોકટોક ચાલી રહ્યો હોવાના આક્ષેપ સાથે ડભોઈ શહેર અને તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા ઉગ્ર વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. 25મી ઓગસ્ટના રોજ ડભોઈના ઐતિહાસિક ટાવર ચોક ખાતે કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરોએ ભાજપ સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર પોકારી ધરણાં પ્રદર્શન યોજ્યું હતું.

વિરોધ પ્રદર્શન દરમિયાન કોંગ્રેસના આગેવાનોએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં વારંવાર બનતી લઠ્ઠાકાંડની ગંભીર ઘટનાઓ અને ખુલ્લેઆમ વેચાતો દારૂ એ સાબિત કરે છે કે, રાજ્યમાં દારૂબંધીનો કાયદો માત્ર કાગળ પર જ સીમિત રહ્યો છે. પ્રજાના સ્વાસ્થ્ય અને જીવ સાથે થઈ રહેલા આ ગંભીર ખેલ સામે વહીવટી તંત્ર તેમજ પોલીસ તંત્ર સંપૂર્ણપણે નિષ્ફળ સાબિત થયું છે. આ નિષ્ફળતાની નૈતિક જવાબદારી સ્વીકારીને રાજ્યના ગૃહમંત્રી તાત્કાલિક ધોરણે રાજીનામું આપે તેવી માંગ કરવામાં આવી હતી. ડભોઈ ટાવર ચોક ખાતે યોજાયેલા આ ધરણાં કાર્યક્રમમાં ડભોઈ તાલુકા પ્રમુખ સુધીરભાઈ બારોટ, શહેર પ્રમુખ સતિષભાઈ રાવળ નગરપાલિકાના પ્રમુખ પુષ્પાબેન રાવળ વગેરે હાજર હતા.

બોરસદ સહિત ચાર પાલિકાના ચીફ ઓફિસરની બદલી

આણંદ | તાજેતરમાં જ મહેસૂલ વિભાગના 21 જેટલા નાયબ મામલતદારો અને પોલીસ વિભાગમાં મોટા પાયે બદલીઓ થયા બાદ,હવે નગર પાલિકા સ્તરે મોટો ફેરફાર કરાયો છે. ખંભાતનાચીફ ઓફિસર વિશાલ પટેલની બદલી કરીને કલોલ મુકાયા છે.

ત્યારે બોરસદ વિરાજ શાહને બદલી કરીને ડભોઈ, તારાપુર કૈલાશ પ્રજાપતિને બારેજા,ઉમરેઠના સીઓ ભારતીબેન સોમાણીની બદલી કરીને શહેરા મુકાયા છે. જ્યારે ડભોઈથી જયકિશન તડવીને ખંભાત,ચોટીલાથી વિપુલ પનારાને ઉમરેઠ, દેહગામથી ઉમા રામીણાને બદલી કરીને બોરસદ પાલિકામાં મુકવામાં આવ્યાં છે.

રેલવે પોલીસ દોડતી થઇ, રહસ્ય ઉકેલવા ફોરેન્સિક પીએમ કરાશે

ભરૂચ રેલવે ગોદીની ગટરમાં ફસાયેલા આખલો કાઢવા જતા માનવ કંકાલ મળ્યું

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેરના રેલવે ગોદી વિસ્તારમાં એક અત્યંત ચોંકાવનારી ઘટના સામે આવી છે. અહીં આવેલી એક ગટરની કાસમાંથી અચાનક માનવ કંકાલ મળી આવતા સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ છે. પ્રાપ્ત વિગતો અનુસાર, રેલવે ગોદી વિસ્તારની ગટર કાસમાં એક આખલો ફસાઈ ગયો હતો. સ્થાનિકોએ આખલાને સહીસલામત બહાર કાઢવા માટે કામગીરી હાથ ધરી હતી. રેસ્ક્યુ કામગીરી ચાલી રહી હતી. તે જ સમયે ગટરમાંથી માનવ કંકાલ મળી આવ્યો. સૌ કોઈના હોશ ઉડી ગયા. કંકાલ મળ્યાની વાત વાયુવેગે પ્રસરતા લોકોના ટોળા ઉમટી પડ્યા. અનેક તર્ક-વિતર્ક શરૂ થયા.

ઘટનાની જાણ થતાં જ રેલવે પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો. પોલીસે કંકાલને બહાર કાઢી કબજો મેળવ્યો. પ્રાથમિક કાર્યવાહી બાદ આ માનવ કંકાલ કોનું છે અને મૃત્યુ કયા સંજોગોમાં થયું છે, તે જાણવા માટે તેને ભરૂચ સિવિલ હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપવામાં આવ્યો છે. આ વ્યક્તિનું મોત કઈ રીતે થયું તે રેલવે પોલીસે તપાસ શરૂ કરી છે.

ભાસ્કર classified

એનાઉન્સમેન્ટ announcement

નામ પરીવર્તન

જુનું નામ: ઘોડાસરા સાવનકુમાર જેન્તિલાલ નવું નામ: ઘોડાસરા સાવનકુમાર જયંતિલાલ. સરનામું:- મિતડી, માણાવદર, જુનાગઢ, ગુજરાત 362630

I Have Changd My Name From Nishar Ahmed Abdulla Fakir To Nisharbhai Ahmedbhai Fakira. Alif Society, Jhalod, Dahod.

CHANGE OF NAME
Old Name - MATADAR SHAHIN A RAUFBHAI NEW NAME - PATEL SAHIN IKRAMKHA PASSPORT NO - L6491899 ISSUE - AHMEDABAD ISSUE DATE-02/01/2014 ADDRESS - 00, GULISTAN SOCIETY, JHALOD TA- JHALOD DIST- DAHOD 389170

ઓરસંગ નદીની પર્યાવરણીય મંજૂરી માટે લોક સુનાવણી

પાવીજેતપુરમાં લોકોએ હકારાત્મક મંતવ્યો રજૂ કર્યા

ભાસ્કર ન્યૂઝ | જબુગામ

છોટાઉદેપુર જિલ્લાના પાવીજેતપુર એપીએમસીના હોલમાં મંગળવારે છોટાઉદેપુર જિલ્લાની ઓરસંગ નદીની સાદી રેતીની ખાણ લીઝ માટે પર્યાવરણની મંજૂરી મેળવવા ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) દ્વારા છોટાઉદેપુર જિલ્લા અધિક નિવાસી કલેક્ટર ડો. શૈલેષ ગોકલાણીની અધ્યક્ષતામાં પર્યાવરણીય મંજૂરી માટે લોક સુનાવણી યોજાઈ હતી. તેમાં છોટાઉદેપુર તાલુકાના દેવલીયા, પાવીજેતપુર તાલુકાના મેસરા અને વાંકોલ તેમજ બોડેલી તાલુકાના જબુગામના ક્લસ્ટરના વિસ્તારવાળી લીઝ માટે પર્યાવરણ પર અસર મૂલ્યાંકન અહેવાલના આધારે સુનાવણી કરવામાં આવી હતી. તેમાં સ્થાનિક લોકો, પર્યાવરણ સાથે સંકળાયેલા લોકો, રેતી ખનન પ્રોજેક્ટથી પર્યાવરણ પર પડતી અસરો, સ્થાનિક રહીશો પર પડતી અસરો, ખેડૂતો પર પડતી અસરો અંગે મંતવ્યો અને વાંધાઓ જણાવ્યા હતા.

માથે ભાજપનો હાથ હોવાનું કહી ખેડૂતને માર્યો

આણંદ | ખંભાતના દહેડા-જીણજ રોડ પર કંપની વિરુદ્ધ અરજી કેમ કરી તેમ કહી ખેડૂતને માર મારી ગળું દબાવી દેતા સમગ્ર મામલો ખંભાત ગ્રામ્ય પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો. દહેડા પરા વિસ્તારમાં રહેતાં રમેશભાઈ માધાભાઈ રાઠોડ તેમના ઘરેથી જીણજ તરફના રોડ પર ખેતર જોવા ગયા હતા. ખેતરનું કામ પૂર્ણ કરી તેઓ બાઈક પર પરત ફરી રહ્યાં હતાં ત્યારે ગામનો રઘુ ભુરા ભરવાડ તેની કાર લઈને તેમની પાસે ધસી આવ્યો હતો. તેણે રમેશભાઈને રસ્તામાં રોકી કંપની વિરુદ્ધ અરજી કેમ કરી તેમ કહી ધમકી આપી હતી. તેણે ગામમાં કોઈની કંપની વિરુદ્ધ અરજી કરવાની તાકાત નથી, તેમજ પોતાના માથે કંપની અને ભાજપનો સંપૂર્ણ હાથ હોવાનું અને પોલીસ ખિસ્સામાં હોવાનું જણાવી રૌફ મારી ખેડૂતને માર માર્યો હતો.

પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

સ્વ. વસંતભાઇ ગજેસિંહ પારગી
સ્વ.તા. 26-08-2025

તમારૂ જીવન અમારી પ્રેરણા હતું. તમારા આદર્શો અમારા માર્ગદર્શન હતા. અમે તમારા સરળજીવન, દયાળુ સ્વભાવ, ભાવનાશીલતાને ક્યારેય નહી ભૂલીએ, ભગવાન તમારા દિવ્ય આત્માને શાંતિ આપે એજ અમારી પ્રાર્થના.

લિ.
ગં.સ્વ. હિરાબેન વી. પારગી (પત્ની)
અશ્વિનકુમાર વી. પારગી (પુત્ર)
હિતેષકુમાર વી. પારગી (પુત્ર)
સુશીલાબેન એચ. પારગી (પુત્રવધુ)
જયેશકુમાર વી. પારગી (પુત્ર)
તથા સમસ્ત પારગી પરિવાર

લગ્ન ગ્રંથીથી જોડાયા છીએ.

આથી અમો પટેલ કિરણભાઈ દલાભાઈ રહે. નાડા તા. શહેરા જિ.પંચમહાલ તથા ડામોર રશ્મીતાબેન શંકરભાઈ રહે. ડુંગરાભીત, ચુંદડી, તા. લીમખેડા, જિ.દાહોદ નાઓ અમારી રાજીખુશીથી એકબીજાની પરસ્પર સંમતીથી લગ્ન ગ્રંથીથી જોડાયેલા છીએ જે અમો તા. 03-7-2026ના રોજ લગ્ન નોંધણી રજીસ્ટ્રાર ગ્રામ પંચાયત વાંદરીયાપૂર્વ તા. ફતેપુરા જિ.દાહોદ મુકામે નોંધણી કરાવેલ છે. જે અમો જાહેર કરીએ છીએ.

જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ આપી જણાવાનું કે, જી. પંચમહાલ, તા. ગોધરા તાલુકાના મોજે. ઓરવાડા ની સીમના રેવેન્યુ ખાતા નંબર .415. રેવેન્યુ સર્વે નંબર.159 પૈકી 2 હે.એરિયા 0.86..00 બાંધકામ વાળી મિલકતના મકાન પટેલ રણજીતસિંહ મથુરભાઈ ઉ.વ. ધંધો.ઘરકામ, જાતી હિંદુ .અમારી મિલ્કત સ્વતંત્ર માલિકી, કબ્જા-ભોગવટાની બોજા રહિતની આવેલ હોવાનું જણાવી નીચે મુજબના અસલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ તથા તેની અસલ રજીસ્ટ્રેશન ફી રસીદ ગુમ થયાને ગેરવલ્લે થયેલ હોવાનું જણાવેલ છે. જેથી મજકુર મિલકતમાં કોઈનો કોઈપણ લાગ ભાગ, હક્ક, હીત, હિસ્સો, સંબંધ, દરદાવો હોય તો તેણે આ નોટિસ મળ્યે દિન 7 માં હમારા નીચે જણાવેલા સરનામે પુરાવા સહિત લેખિતમાં જાણ કરવી. તેમ ન થતા સદરહુ મિલકતમાં તેવો કોઈનો કોઈપણ લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, સંબંધ, દર દાવો નથી અને હોય તો જતો કર્યો છે તથા તમામે પોતાની રાજીખુશીથી વેવ/જતો કરેલ છે. તેમ સમજી સદરહુ મિલકતનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ ઈશ્યુ કરીશું જે જાણશો.

અમારા અસીલ ની સુચના અને ફરમાઇશથી પી. ડી. દેસાઈ એડવોકેટ
બામરોલી રોડ, તા. ગોધરા જિ. પંચમહાલ મો. 9408427317

બેંક ઓફ બરોડા - ખારોલ શાખા
સરદાર ચોક, ગામ: ખારોલ, તાલુકો: લુણાવાડા, જિ. મહિસાગર, ગુજરાત – ૩૮૯૨૨૦. મોબાઈલ નંબર ૯૬૮૭૬૭૮૯૨૪
ઈ-મેલ: kharol@bankofbaroda.com

APPENDIX IV [See Rule 8(i)] મિલકતના કબજાને લગતી સુચના (અચલ મિલકત)

નીચે સહી કરનાર સીક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ તે કલમ ૧૩(૧૨) ના (નિયમ ૮) ની સાથે વાંચતા સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ મળેલા અધિકારો હેઠળ બેંક ઓફ બરોડા ના અધિકૃત અધિકારીની રૂઈએ નીચે જણાવેલ બાકી કરજદાર/જામીનદાર/મોર્ટગેજર મેસર્સ અંબિકા સીડ્સ કોર્પોરેશન તેના માલિક શ્રી પટેલ પરેશકુમાર રમણભાઈ અને જામીનદાર - શ્રી વિકેનકુમાર રમણભાઈ પટેલ દ્વારા ને ડીમાન્ડ નોટીસ તા.૧૫.૧૧.૨૦૨૫ ને નોટીસ પાઠવીને બાકી ખાતેદાર સામે દર્શાવેલી રકમ રૂા. ૦૧,૪૧,૮૪,૧૦૯.૭૮ (રૂા.એક કરોડ એકતાલીસ લાખ ચોર્યસી હજાર એકસો નવ અને સીત્યાંસી પૈસા પુરા) તા.૧૧.૧૧.૨૦૨૫ના રોજ સાથે વધુ વ્યાજ અને ખર્ચ સૂચનાની તારીખથી / ઉપરોક્ત સૂચના પ્રાપ્ત થયાની તારીખથી ૬૦ દિવસની અંદર ચૂકવવાપાત્ર.

બાકી કરજદારો/જામીનદારો/મોર્ટગેજરો નીચે જણાવેલી રકમોની પરત ચૂકવણી કરવામાં નિષ્ફળ ગયા હોવાથી, આ સાથે બાકી કરજદારો/જામીનદારો/મોર્ટગેજરો અને નાગરિકને જણાવવામાં આવે છે કે નીચે સહી કરનારે અત્રે આવેલા નીચે દર્શાવેલી મિલકતનું ઉપર જણાવેલ નીયમોના સીક્યુરીટી ઈન્ટરેસ્ટ એનફોર્સમેન્ટ રૂલ્સ ૮ સાથે વાંચતા સબંધીત કલમ ૧૩(૪) સાથે વટહુકમ એક્ટ વાંચતા પ્રાપ્ત થતી તેને/તેણીને આપવામાં આવેલ સત્તાઓ અનુસાર પ્રત્યક્ષ કબજો તા. ૨૨.૦૮.૨૦૨૬ ના રોજ લીધો છે.

બાકી કરજદારો/જામીનદારો/મોર્ટગેજરો તથા સામાન્ય સંદર્ભમાં નાગરીકોને અત્રે નીચે જણાવેલી અનુસુચિત મિલકતની બાબતમાં કોઈપણ પ્રકારનો વ્યવહાર કે લેવડ દેવડ ન કરવા ચેતવણી આપવામાં આવે છે, બેંક ઓફ બરોડા ની લેણા રકમ રૂા. ૦૧,૪૧,૮૪,૧૦૯.૭૮ (રૂા.એક કરોડ એકતાલીસ લાખ ચોર્યસી હજાર એકસો નવ અને સીત્યાંસી પૈસા પુરા) તા.૧૧.૧૧.૨૦૨૫ના રોજ અને તેના પર વ્યાજ અને અન્ય શુલ્ક ચૂકવવા આધિન રહેશે. દેવાદારને ધ્યાન દોરવામાં આવે છે કે પોતાની મિલકત સેક્શન ૧૩ ના એક્ટ હેઠળ સબ સેક્શન (૮) મુજબ મિલકત મેળવવા રકમ ભરવા સમયની જોગવાઈ કરવામાં આવી છે.

સ્થાવર/જંગમ મિલકતો/સંપત્તિઓનું વર્ણન

૧. તમામ ભાગ અને હિસ્સો કાયદેસર ની કોર્મસીયલ મોર્ટગેજ જે નીચે મુજબ છે:
એ-પંચાયત મિલકત નં. નવો-૧૦૬ (જુનો મિલકત નં. ૬૬) આવેલ તે ગામ જુના રાબડીયા, તાલુકો- લુણાવાડા જીલ્લો: મહીસાગર ગુજરાત જે પટેલ પરેશભાઈ રમણભાઈના નામે છે.
બી-પંચાયત મિલકત નં. નવો-૧૦૫ (જુનો મિલકત નં. ૬૫) આવેલ તે ગામ જુના રાબડીયા, તાલુકો- લુણાવાડા જીલ્લો: મહીસાગર ગુજરાત જે પટેલ વિકેનકુમાર રમણભાઈ ના નામે છે. કુલ એરીયા-મિલકત નં. ૧૦૬+૧૦૫, ૨૧૬૬.૨૪ ચોરસ ફુટ (૨૦૧.૨૫ ચોરસ મીટર) અને ચતુર્સીમા: પૂર્વ: રોડ, પશ્ચિમ: રોડ, ઉત્તર: જયંતિભાઈ સનાભાઈ પટેલ ની મિલકત, દક્ષિણ: પરમેશભાઈ સુથારની મિલકત.
૨. તમામ ભાગ અને હિસ્સો કાયદેસર ની કોર્મસીયલ મોર્ટગેજ જે નીચે મુજબ છે:
મિલકત નં. ૧૧૭ અને પંચાયત મિલકત નં. ૭૦૬ તે ગામ જુના રાબડીયા, તાલુકો- લુણાવાડા જીલ્લો: મહીસાગર ગુજરાત જે પટેલ પરેશભાઈ રમણભાઈ અને શ્રી વિકેનકુમાર રમણભાઈ ના જોઈન્ટ નામે છે. કુલ એરીયા-મિલકત નં. ૧૧૭+૭૦૬, ૧૧૭૩.૬૭ ચોરસ મીટર અને ચતુર્સીમા: પૂર્વ: લેક, પશ્ચિમ: રોડ, ઉત્તર: અરવિંદભાઈ પટેલના ગોડાઉનની બાઉન્ડ્રી, દક્ષિણ: રોડ + શ્રી રમેશભાઈ પટેલી ની મિલકત.

તા.: ૨૨.૦૮.૨૦૨૬ સ્થળ: ખારોલ
નોંધ: વિવાદની સ્થિતિમાં આ નોટીસનો અંગ્રેજી અનુવાદ માન્ય ગણાશે.
અધિકૃત અધિકારી બેંક ઓફ બરોડા

જાહેર નોટીસ

આથી જાહેર જનતાને આ જાહેર નોટિસ આપી જણાવવામાં આવે છે કે, પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના મોજે ગોઠડા દિનખેતી ની આવેલ નીચે મુજબના કોલમમાં જણાવ્યા મુજબની રેવન્યુ સર્વે નંબર તથા માપવાળી જમીન ના માલિક અને કબ્જેદાર વૃંદાવન સ્ટોન ઈન્ડસ્ટ્રીઝના ભાગીદારો પટેલ જૈમીનકુમાર રમણલાલ, કિરીટકુમાર રમણલાલ પટેલ, શૈલેષકુમાર નટવરલાલ પટેલ, રાજેન્દ્રકુમાર શિવરામદાસ પટેલ, પ્રવિણ રેવાભાઈ પટેલ અને અમૃતલાલ શંકરલાલ પટેલનાઓની માલિકી, કબજા, ભોગવટાની હોવાનું જણાવીને અમારા અસીલને સદરહું નીચે દર્શાવેલ ત્રણેય મિલકતો વેચાણ આપવાનું નક્કી કરેલ છે. અને અમારી પાસેથી ટાઈટલ ક્લિયર સર્ટીફીકેટ ની માંગણી કરેલ છે

સર્વે નંબર	ક્ષેત્રફળ હેઆરેચોમી
એન. એ .૩૯૦/ પૈકી ૧.	૧૯૯૬૩
એન. એ .૩૯૦ /પૈકી ૨.	૨૦૦૦૦
એન. એ .૩૯૧.	૨૩૯૭૮

જેથી મજકુર નંબરની મિલકતોના અનુસંધાનમાં જો કોઈપણ ઈસમ, સંસ્થા, બેંક, પેઢી, વા અન્ય કોઈપણ વ્યક્તિ અગર વ્યક્તિઓનો કોઈપણ પ્રકારનો ત્રણેય મિલકતો બાબતે જો કોઈ લાગ, ભાગ, હક્ક, હિસ્સો, અલાખો, ગીરો વા અન્ય કોઈ પણ પ્રકારનું હિત સમાયેલ હોય અને આ બાબતે જે વ્યવહાર થવા જઈ રહેલ છે તેમાં કોઈપણ વાંધો અગર તકરાર હોય તો આવા વ્યક્તિ/ઓ, આ જાહેર નોટિસ પ્રસિદ્ધ થયેથી દિન 10 માં સચોટ દસ્તાવેજી પુરાવા સહિત લેખિતમાં વાંધા મોકલી આપવા અને જો નિયત સમય મર્યાદામાં કોઈપણ વ્યક્તિ દ્વારા આવા લેખિત વાંધા રજૂ કરવામાં નહીં આવે તો તેવા સંજોગોમાં અમારા અસીલ તે બાબતે આગળની કાર્યવાહી કરશે તેની નોંધ લેશો. નોંધ :- લેખિત અને સચોટ દસ્તાવેજી પુરાવા વગર ના કોઈ પણ વાંધા મોકલવામાં આવશે તો તેવા કોઈપણ વાંધાઓને ધ્યાનમાં લેવામાં આવશે નહીં અને આવા વાંધાઓ ગ્રાહ્ય રહેશે નહીં. તા. 25/08/2026

સમીર કે. પુરાણી, એડવોકેટ
ઓફીસ :એસ/૧૨ પ્રેમ પ્રકાશ ટાવર, અંકલેશ્વર મહાદેવ રોડ, ગોધરા.

જાહેર નોટીસ

પંચમહાલના મહે. મોટર એકસડન્ટ ક્લેઈમ ટ્રીબ્યુનલ (મુખ્ય) એન.સી.રાવલ સાહેબશ્રી કોર્ટમાં, પંચમહાલ મું.ગોધરા
એમ.એ.સી.એમ.એ. નંબર : 917/2022, મુદત તારીખ : 02/09/2026 આંક : 12 નીચે કરેલ હુકમ મુજબ

અરજદાર :	ઉ.વ.	ધંધો	રહેવાસી
સુખાભાઈ સુરેશભાઈ પણદા	46	ચાની લારી	ધોળા કુવા, પણદા ફળીયા તા.ગોધરા જી.પંચમહાલ
વિરુદ્ધ :-			
સામાવાળા :- :	ઉ.વ.	ધંધો	રહેવાસી
નંબર1 અમરસિંહ ગલાભાઈ પટેલ	પુખ્ત	ડ્રાઈવીંગ	ખાબડા વણઝારા ફળિયુ તા.ગોધરા જી.પંચમહાલ
નંબર2 બીપીનભાઈ પાચાભાઈ ગજ્જર	પુખ્ત	માલિક	112, આશાનગર સોસાયટી, પુના ગામ સુરત

ઉપરોકત કામમાં અરજદારે એમ.એ.સી.એમ.એ નંબર-917/2022 થી વિલંબ માફ કરવાની અરજી આ ટ્રીબ્યુનલ સમક્ષ તમારા વિરુધ્ધ અરજી કરી છે. આથી તમો એમ.એ.સી.એમ.એ નંબર- 917/2022 માં સામાવાળા નં. 1-2 ને આ નોટીસથી ખબર આપવામાં આવે છે કે, તા. 02/09/2026 ના રોજ સવારના 10:30 કલાકે ઉપરોકત અરજીનો જવાબ આપવા આ ટ્રીબ્યુનલમાં તમારે જાતે હાજર થવું, તે દિવસે તમોએ તમારા સઘળા લેખિત પુરાવા જેની ઉપર તમો તમારા બચાવો આધાર રાખતા હોય, તે સાથે જવાબ સાથે હાજર રહેવું. વધુમાં તમોને આ ઉપરથી સુચના આપવામાં આવે છે કે, જો ઉપર જણાવેલ દિવસે તમો હાજર નહીં રહો તો તમારી ગેરહાજરીમાં એ અરજી સાંભળીને તેનો નિકાલ કરવામાં આવશે. જેની નોંધ લેવી. આજ તારીખ 21 મી માહે ઓગષ્ટ સને 2026 ના રોજ મારી સહી તથા ટ્રીબ્યુનલની સિક્કો કરીને આપ્યું.

તૈયાર કરનાર (આર.આઈ.શેખ) આસીસ્ટન્ટ | મુકાબલ કરનાર (એચ.એ.ડોડીયા) શીરસ્તેદાર | કોર્ટનો સીક્કો | હુકમથી (એમ.એ.શાહ) ડે.રજીસ્ટ્રાર એમ.એ.સી.પી. બ્રાન્ચ,ગોધરા

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda
બેંક ઓફ બરોડા-ડિ.બી. ગોધરા શાખા
મુ. પોસ્ટ-ગોધરા-૩૮૯૦૦૧, તાલુકો: ગોધરા, જીલ્લો પંચમહાલ, ગુજરાત, ઈન્ડિયા. ઈમેલ: Dbgodr@bankofbaroda.com

વાહનોની ઈ-હરાજી અંગેની સંક્ષિપ્ત સૂચના

અહીં જાહેર જનતાને અને ખાસ કરીને કરજદાર અને જામીનદાર ને સૂચના આપવામાં આવે છે કે બેંકે પક્ષકારો દ્વારા અમલમાં મુકાયેલા ગીરો/લોન કરાર હેઠળ મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને નીચે દર્શાવેલ ગીરો મોટર વાહનને પાછું કબજે/જપ્ત કર્યું છે અને વાહન નીચે દર્શાવેલ ખાતા/ખાતાઓમાં બાકી રકમની વસૂલાત માટે 'જેમ છે ત્યાં છે', 'જેમ છે તેમ છે', અને 'જે કંઈ છે તે' ના આધારે વેચવામાં આવશે. કરજદારો/જામીનદારો/વાહન/કુલ બાકી રકમ/અનામત કિંમત/ઈ-હરાજીની તારીખ અને સમય, ઈએમડી અને બિડ વધારાની રકમની વિગતો નીચે દર્શાવેલ છે.

ક્રમ નં.	કરજદાર/જામીનદાર નામ અને સરનામું	કુલ બાકી રકમ ૨૦.૦૮.૨૦૨૬ ના રોજ (૧૫.૦૮.૨૦૨૬ સુધીના વ્યાજ સહિત)	વાહન નું માર્ક અને મોડલ આરટીઓ રજી. નંબર	૧. ઈ-ઓક્શન ની તારીખ____ ઈ-ઓક્શન નો ટાઈમ - શરૂ થવાનો સમય___ થી પૂર્ણ થવાનો સમય ૨. બિડ જમા કરવાની છેલ્લી તારીખ અને સમય____	૧. રીઝર્વ કીંમત રૂા.____/- ૨. અર્નેસ્ટ મની ડિપોઝીટ (ઈએમડી) રૂા.____/- ૩.બીડ વધારાની રકમ રૂા.____/-	વાહન/જંગમ સંપત્તિ નિરીક્ષણ તારીખ અને સમય
૧	પ્રકાશચંદ્ર ડામોર જે ગૌતમલાલ ના પુત્ર, ૧૯, કૃષ્ણપાર્ક સોસાયટી, સાંપા રોડ, એફસીઆઈ ગોધરા પાસે, પંચમહાલ, ગુજરાજ-૩૮૯૦૦૧.	રૂા. ૬,૩૫,૭૯૩.૫૯/- + વ્યાજ અને અન્ય ચાર્જીસ	મેક-મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા લિમિટેડ મોડલ સ્કોર્પિયો ક્લાસિક એસ૧૧ એમટી ૭૫, રજી. નં. જીજે૧૭સીઈ૫૯૫૯	૧. ૨૫.૦૯.૨૦૨૬ ના બપોર ૨.૦૦ થી સાંજે ૬.૦૦ વાગ્યા સુધી ઈએમડી શરૂ થવા નો અને સમય તા. ૦૧.૦૯.૨૦૨૬ થી ૨૫.૦૯.૨૦૨૬ સાંજે ૫.૦૦ વાગ્યા સુધી	૧. ૬,૮૬,૦૦૦/- ૨. ૬૮,૬૦૦/- ૩. ૧૦,૦૦૦/-	૦૧.૦૯.૨૦૨૬ થી ૨૪.૦૯.૨૦૨૬ સવારે ૧૦.૦૦ થી સાંજે ૪.૦૦ વાગ્યા સુધી

વેચાણની વિગતવાર નિયમાવલી અને શરતો માટે, કૃપા કરીને https://BAANKNET.COM. વેબસાઈટ લિંકની મુલાકાત લો. સંભવિત બોલી લગાવનારાઓ શ્રી રાહુલ કુમાર નો મોબાઈલ નંબર ૭૦૭૦૭૫૯૯૨૨ પર સંપર્ક કરી શકે છે.

તારીખ: ૨૬.૦૮.૨૦૨૬, સ્થળ: ગોધરા | અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડ